સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ખોટી ડંફાંસ, ગળે, ગૌરવ બની અટક્યું છે,
સાચું અભિમાન ચીન-પાક હદે લટક્યું છે,
ચટક્યું છે મત-કારણ આમાં ગુપ્ત સમજુતિથી -
ખટક્યું સન્માન જે કાયદેસર પટક્યું છે!
(ખોબ્રાગઢનો ખળભળાટ)

હાઇકુ

ચગી મર્યાદા,
અનીતિના દેશમાં -
સમ લૈંગિક!!

કાર્યકરોનાં
લટકતાં ગાજરને -
ન હ્યાં કપૂર્તાં

ચિંતન

ગુણવદ ગુણવદ્વા કુર્વતા કાર્યતા જાતં પરિણતિરવધાર્યાં યત્નતઃ પંડિતેન ।
અતિરભસકૃતાનાં કર્માણામા વિપત્તે ર્ભવતિ હૃદયદાહી શલ્યા તુલ્યો વિપાકઃ ॥

ભતૃહરિ 'નીતિશતક'નો આ શ્લોક છે :

'સારૂં કે ખરાબ, કોઇ પણ કામ પ્રારંભ કરતાં પહેલાં બુદ્ધિશાળી માણસે તેના પરિણામનો પ્રયત્નપૂર્વક અતેથિ વિચાર કરી લેવો જોઇએ. ખૂબ જ ઉતાવળથી એના પરિણામનો વિચાર કર્યા વિના આદરેલું કામ અને તેનું પરિણામ-મૃત્યુ સુધી શલ્ય શૂળની જેમ મનમાં ખટક્યા કરે છે અને હૃદયને સંતાપ આપનારૂં બને છે.'

સાહસને બિરદાવવા માટે કવિ નર્મદની એક પંક્તિ વારંવાર ટંકાતી હોય છે - 'યાહોમ કરી કૂદી પડો, ફતેહ છે આગે' આમાં પણ પહેલાં પૂર્વ વિચાર અને પરિણામ સુધીનું મંથન હોય પછી 'સાહસ'માં કૂદવાનો સંકેત છે. વેપારીઓ, અંગ કસરતના ખેલ કરનારા પૂર્વ પ્રેક્ટીસ પછી જ 'સાહસ' કરતા હોય છે.

પૂર્વ ચિંતન અને પરિણામ પણ બુદ્ધિપૂર્વકનાં હોવાં જોઇએ- ભેંસનાં શિંગડામાં માથું ભેરવવાનું સાહસ એ બુદ્ધિપૂર્વકનું ચિંતન નથી.

વિચાર્યા વિના-કરેલા આચરણનું ફળ આઘાતજનક હોય છે એવી ભૂલ કરવાનું, સાહસનું પરિણામ દુખદાયી હોય છે કે એનો આઘાત દુઃખ-શૂળ જિંદગીભર હૃદયમાં ભોંકાયા કરે છે - કવિ ભારતીએ પણ આવો જ શ્લોક આપ્યો છે :

સહસા વિદધીત ન ક્રિયામ વિવેકઃ પરમાપદાં પદમ્ ।
વૃણુતે હિ વિમૃશ્યકારિણી ગુણ લુબ્ધાં સ્વયમેવ સંપદઃ ॥

સુવિચાર

- આપણા હૃદયમાં જડતા (શરીર-સંસાર) નો જેટલો આદર થયો છે, તેટલો જ પરમાત્માનો અનાદર થયો છે, અને તે અનાદર જ આપણું પતન કરશે... આપણી અધોગતિ કરશે - *જનકલ્યાણ*
- કરવા ચાહતા હો તો સેવા કરો, જાણવા ચાહતા તો પોતે પોતાને જાણો અને માનવા ચાહતા હો તો પ્રભુને માનો, ત્રણેનું પરિણામ એક જ હશે - *એસ. ભટ્ટાચાર્ય*
- નેત્રો કરતાં વધુ યાદ મનને રહે છે. મન કરતાં બુદ્ધિને યાદ વધુ રહે છે. અને બુદ્ધિ કરતાં વધુ યાદ સ્વયં ને રહે છે, સ્વયં જે વાતને પકડી લે છે તે વાત કાયમ યાદ રહે છે - *જ્ઞાનસૂત્ર*
- દુઃખનું કારણ આપણે પોતે જ છીએ, બીજું કોઇ નહીં, જયાં સુધી આપણે બીજાને દુઃખનું કારણ માનીશું ત્યાં સુધી આપણું દુઃખ જશે નહીં - *અમૃતબિંદુ*
- લગની લાગવાથી સાધના આપમેળે થાય છે અને લગની ન હોવાથી સાધના કરવી પડે છે, જે આપમેળે થાય છે તે અસલી હોય છે અને જે કરવી પડે છે. તે નકલી હોય છે - *ધ્રુવ ભટ્ટ*
- વોહી સચ્ચા વિર હૈ, જો હાર કર ભી હારા નહીં; વીર વહી જો કભી બેચારા નહીં - *આનંદ સાહેબ*
- સાસરે જતી કન્યાને ખબર છે.. કે પતિ મરી શકે છે, તેમ છતાં તેને ચિંતા નથી, ભગવાન કદી મરતાં નથી કે આપણને છોડતાં નથી પછી ભગવાન સાથે સંબંધ જોડવામાં શી ચિંતા? - *ફાધર વાલેસ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજે તો 'ભલામણ'ની ગુપ્ત સાંકળને કારણ આપણે કોઇ મોટાં ઓપરેશન માટે મોટી 'હાઇટેક' હોસ્પિટલમાં દાખલ થઇએ ત્યારે જ કેસ પેપર કઢાવતાં જ પહેલાં 'એક લાખ' રૂપિયા જમા કરાવો પછી જ ડોક્ટરો હાથ જાલે!

વઢવાણના રાજા બાલસિંહજી બિમાર પડ્યા. સૌરાષ્ટ્રના મોટા મોટા ડોકટરોને નિદાન-સારવાર માટે બોલાવવામાં આવ્યા. ડોક્ટરો આવે જોઇ લે નિદાન-ઉપચાર લખી દે ફી લઇને ચાલ્યા જાય. આવું બે મહિના ચાલ્યું પણ રોગમાં કોઇ ફર્ક ન પડ્યો.

કોઇએ જામનગરના પ્રખ્યાત વૈદ્ય ઝંડુ ભટ્ટ (ઝંડુ ફાર્મસી)ની સારવાર લેવા સૂચન કર્યું. ઝંડુ ભટ્ટ આવ્યા. સારવાર શરૂ થઇ એક માસ થઇ ગયો. દવાની અસર થતી ન હતી પણ ઝંટુ ભટ્ટ ધીરજ પૂર્વક ઓસડિયાં મંગાવે - દવા ફાકી તૈયાર કરે અને સારવાર ચાલુ જ રાખી.

એક દિવસ રાજાએ ઝંડુ ભટ્ટને પૂછ્યું વૈદરાજ! એકમાસ થઇ ગયો તમે તમારી ફી કેમ લેતા નથી? વૈદરાજ કહે, મહારાજ, મારો નિયમ છે, મારી સારવારથી દર્દી સાજો થઇ જાય એને હાથે જ ફી લઉં છું... ઇશ્વરનું કરવું રાજા સાહેબ મૃત્યુ પામ્યા.

ઝંડુ ભટ્ટ જામનગર ચાલ્યા ગયા. દરબારમાંથી બે હજારનો ચેક આવ્યો. ઝંડુ ભટ્ટે સ્વીકાર્યો નહીં. કહ્યું રોગ અસાધ્ય જ હતો હું જાણતો હતો પણ દર્દીને આઘાત ન લાગે એટલે કહ્યું નહીં. ચેક પરત કર્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

દીકરી નામના લાગણી તીર્થની પાવન પાત્રાના પગલે પગલે મહેંકતા પગરવનો અનુભવ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દીકરી એટલે મોરપિંછની મુલાયમતા એમાં રંગ પણ હોય અને ઉમંગ પણ હોય. દીકરી રૂપી મોરપિંછ પામ્યા પછી કોઇ પિતા કદરૂપો નથી રહેતો. જે માબાપને સંતાનરૂપે દીકરી છે તે માબાપ સદ્ભાગી છે. જે માબાપને દીકરીના જગત માટે ભરપુર ફૂરસદ છે. તે માબાપ બડભાગી છે. બુદ્ધિનો હિમાલય લાગણીની ઉષ્માથી પીગળે છે ત્યારે પ્રેમની ગંગા વહે છે. બુદ્ધિ અને લાગણીનો સમન્વય કરી સુખની ગંગા વહાવે છે. તે દીકરી દીકરીના ચહેરા પર ઝરણા જેવું સ્મિત એ છે વિશ્વ સાહિત્યનું સર્વશ્રેષ્ઠ ગીત. માતાપિતાના હૃદય હિમાલય પરથી રૂમઝૂમતું ઉછળતું કૂદતું આવતું વ્હાલનું ઝરણું કેમ કે સૂર્ય પાસે ઉજાસ છે ફૂલ પાસે સુવાસ છે પણ દીકરી પાસે તો ઉજાસ અને સુવાસ બંને છે. તેથી જ દરેક મા-બાપના હૃદયમાં એક ખાનગી ઇ-મેઇલ એડ્રેસ હોય છે એ છે દીકરી ડોટકોમ. દીકરીને કોઇ કહે છે વ્હાલનો દરિયો તો કોઇ કહે છે હેતની હેલી... દીકરી નામના લાગણી તીર્થની પાવન યાત્રાના પગલે પગલે મહેંકતા પગરવનો અનુભવ આજે મારે તમને કરાવવો છે.

'દીકરી હેતની હેલી' નામે દળદાર પુસ્તક સ્વરૂપે દીકરી વિષેના 'સમાજ મિત્ર' સામયિકના વિશેષાંકમાં પ્રગટ થયેલા લેખો સાથે દીકરી વિશે વધારો - ઉમેરો કરતા લખાણો મંગાવીને ઉમેર્યા હોવાથી આ પુસ્તક હવે વિશેષાંકથી પણ વધારે મહત્ત્વનું બની રહ્યું છે. તેમાં વ્હાલ વરસાવતી દીકરીઓ શિર્ષકથી આપણા જાણીતા લેખક મણીલાલ હ. પટેલ લખે છે કે 'દીકરી કે માં રૂપે નારી સમાજનું નૂર છે. નારીનાં સર્વ રૂપોમાં દીકરી તરીકેનું એનું રૂપ આમેય જન્મતા જ પ્રાપ્ત થતું - અવ્વલરૂપ છે. દીકરી તરીકે એ દાદાને હેતથી ન્યાલ કરી દે છે. દીકરી તરીકે બાપુજીને સદાય ચાહતી અને કાળજી માટે હાજર રહેતી એ ગુણિયલ અને વિરલ પાત્ર છે. દીકરીવાળુ આંગણું રળિયામણું તથા ભાવ લાગણીથી લીંપાયેલું લાગે છે.'



'દીકરી હેતની હેલી' શિર્ષકથી વરિષ્ઠ દલિત લેખક જોસેફ મેકવાને જે સંપાદન કરેલું તેમાં પચાસ મા-બાપોએ પોતાની દીકરી વિશે વ્હાલની વર્ષાધારાઓ કરી એ ઘટનાધ્યાનાર્દ હતી. તેથી ઘણી રીતે આ સંપાદન ધ્યાનપાત્ર અને સમાજમાં આદર પાત્ર કર્યું હતું. તેમાં દલિત સમાજના માતાપિતાએ વેઠ્યાની વેદના વર્ણવીને પરિવારની સત્ત્વશીલતાનું દર્શન કરાવનારા હૃદયસ્પર્શી લેખો પણ અહીં ઘણા મળે છે. કોઇ કોઇ લેખોમાં સામાન્ય વાતો છે તો કોઇકે વળી દીકરીને નિમિત્તે પોતાની વડાઇ-બગાઇ ગાઇ બનાવી છે. તેમ છતાં દીકરીઓની એવી વાતો રસાળ તો બની જ છે.

'દીકરી હેતની હેલી' પુસ્તકમાંથી પસાર થતાં કેટલાક લેખોના શિર્ષકો તેના અંદર પહેલા વિષને કેવું ઉજાગર કરે છે તે જૂઓ. મારી દીકરી લાડનો ખજાનો, વેદનાના વન વચાળે ટહુકતી કોયલ, દીકરી તુલસી ક્યારો ગંગાનો આરો, દાદાનો અંશ, દીકરી ત્રણ પંખાનું તેજ, મારી આંખની કીકીઓ; સ્નેહનો સાગર સંગીતા, ડહાપણનો દરિયો, વિગેરે... વિગેરે...

'દીકરી હેતની હેલી' ગ્રંથમાં 'સત્યના ઉજાસની પ્રતિક્ષા' શિર્ષકથી ખુબ લખાણ પૂર્વક લખાયેલો જોસેફ મેકવાનનો ખેળ અને 'દીકરીની વાર્તે' જુદા જુદા લેખોમાંથી મહત્ત્વપૂર્ણ વાતો અને વિગતો સાથેના અવતરણો આપી આખું પુસ્તક ના વાંછી શકનારને ગાગરમાં સાગર રૂપે નિચોડરૂપે સામગ્રી સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયેલ અમૃત સમાન લાગ્યા વિના રહેશે નહીં.

આ ગ્રંથમાં આપણને ગાંધીનગરમાં વસતા અનેક લેખકોનાં લેખો મળે છે. જેમ કે, દલપત ચૌહાણ, પ્રવિણ, ગઢવી, મી. ન. વણકર, બી. કેશર શીવમ્, ડો. મહેશ ચંદ્ર પંડ્યા, રમણ વાઘેલા, ડો. સ્વપ્નિલ મહેતા, નટુભાઇ પરમાર, ડો. ચંદ્રાબેન શ્રીમાળી, મૌલિક બોરીની વિગેરે વિગેરે...

'દીકરી હેતની હેલી' ગ્રંથમાં દીકરી વિશેનાં સુંદર કાવ્યો પણ છે તેની કેટલીક ગમી જાય તેવી પંક્તિઓ જોઇએ. કવિ મધુકાન્તની કલ્પિત દીકરીને.... કાવ્યમાં કેવી સરસ વાત કરે છે તે કહે છે કે -

તેં, અંધારા માંજી માંજીને એટલું ઝગમગાટ કરી નાંખ્યુ
કે અના ઉજાસમાં ધીમે ધીમે ઉઘડતી ગઇ તારામાં
અસ્મિતાની ઓળખ.
ગાલ પર આવીને સુકાઇ ગયેલા આંસુના રેલા
ચાંદીની સેર જેમ ચમકતાં જ ઝબકારા જેમ ફૂટી આવ્યું
તારામાં હોવાપણાનું મૂલ્ય,
આ બધું સાચવી તેં શબ્દમાં પરોવી દીધું તીક્ષ્ણ ધાર
કાઢીને, તારા શબ્દોનું ઝાડવું હવે રાતાંચોળ ફૂલોથી કેવું
લચી પડ્યું છે દીકરી!!!

તો હરજીવન દાફડા 'પ્યાર દીકરીનો' રજૂ કરતાં કંઇક આમ વદે છે.

બોજ ક્યાં છે લગાર દીકરીનો
ફૂલ જેવો છે ભાર દીકરીનો,

રમણ વાઘેલા 'કોઇ પણ દીકરીનું વ્યથાગીત' આમ રજૂ કરે છે.

બધા કહો છો એવું તો અહીં ક્યાં છે?
મોટું સૂકાય નહીં દીકરી કહેતા તોયે, કિંમત મારી ઠીંકરાથી નીચી,
સિંચી હોય ભલે તમે વ્હાલપના નીરથી, સૂક્કા શબ્દોના બાણેસકી વીંધી.

પણ પેલી કહેવત છે ને કે હજારો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી છે તેથી જ કવિ દલપત ચૌહાણ લખે છે કે -

સંધ્યા ઢળે કોર લાલ ગુલાબી.... છહેલ.
નિરાશ વળી... વળી...
ને અંધકારની બજશે બંસરી
પછી પૂર્વાકાશે ચમકી ઉઠશે બીજ... રેખા
વધશે દિન દિન.
જાણે વધી રહી દીકરી.

તેથી જ બાલકૃષ્ણ મણિમાં 'આનંદ' તેના કાવ્યમાં કહે છે કે

દીકરી એ પારકી થાપણ નહીં
એ તો અખંડ હેતની હેલી છે.

તો કવિ પ્રવિણ ગઢવી તો એમ કહે છે કે દીકરી પણ ન લખ્યું હોય કાવ્ય તો કવિ કેમ કહેવાય? કેમ કે -

દીકરી : આંસુનો સાગર
દીકરી : સ્નેહનું આકાશ

અને કવિ કિશન સોસા 'ફરી સાંજ' કાવ્યમાં દીકરી વિશે પોતાના ઉદ્ગારો રજૂ કરતાં લખે છે કે -

ફરી સાંજ ઢળશેને આવીશ ઘરમાં,
જળી ઉઠશે મંદ ફાનસ નજરમાં,
ઉડી ગઇ હશે ગોખથી દેવ ચકલી,
ફફડતાં હશે ફક્ત પર્ણો સજરમાં.

અને છેલ્લે શિવજી રૂખડાના કાવ્યની પંક્તિઓ જોઇ લઇ એ જેમાં જૂના દીકરી વિદાય વિશેનાં ગીતની ઝાંખ વર્તાવે છે.

દીકરી તો આગવી મુડી કહેવાય,
આપમેળે પારકા પટારા છલકાય,

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગરીબાઈ તમને કોઈપણ સાહસ ખેડવાનું એક અજીબોગરીબ બળ આપે છે, જે ભૂખ્યો હશે તેને જ કામ કરવાની પ્રેરણા થશે, જેનું પેટ ભરેલું હશે તે થોડો ઊભો થશે?

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

ગરીબાઈ એ બહુ સાપેક્ષ ચીજ છે. અત્યંત તવંગર આદમી માટે મધ્યમવર્ગનો માણસ ગરીબ, મધ્યમવર્ગના માટે નીચલા મધ્યમવર્ગના માણસો બિચાર- બાપડા અને તેમના માટે ભિખારી એટલે દરિદ્ર. વળી જો કોઈ અર્થશાસ્ત્રીને પૂછો, તો ગરીબાઈની લાંબી-ચૌડી તકનીકી વ્યાખ્યા આપી દેશે. જેમાં 'જી.ડી.પી.', 'માથાદીઠ કૌટુંબિક આવક,' 'ફુગાવો' વગેરે જેવા ભારેખમ શબ્દો જરૂર આવશે. મને પૂછો તો 'ગરીબ એટલે 'એવી વ્યક્તિ, કે જેને પોતાના વિચારો વ્યક્ત કરવાની, સત્ય બોલવાની અને સત્ય માટે લડવાની છૂટ ન હોય. જેને સમાજમાં જાતિ, ધર્મ તથા કાયદાકીય સમાનતા પ્રાપ્ત ન હોય.'

જાત-જાતની ચર્ચાઓ ચાલી. વિદ્યાર્થીઓએ સરસ ઉદાહરણો આપ્યાં. અમેરિકામાં અત્યંત ગરીબાઈમાંથી સ્વબળે આગળ આવીને ફોર્ડ મોટર કંપની સ્થાપનાર હેનરી ફોર્ડ પાછળથી તો અત્યંત રઈસ થઈ ગયા. તેમને એક ખૂબ જ વહાલસોયી પૌત્રી હતી. તે દીકરી તો જન્મી ત્યારથી જ વૈભવમાં આળોટી હતી. તેના દાદા તો હેનરી ફોર્ડ પોતે! જન્મથી જ સોનાના ઘૂઘરે રમેલી પોતાની પૌત્રીને ગરીબાઈ વિશે થોડો ખ્યાલ આપવા માટે ફોર્ડે એક દિવસ તેને કહ્યું, 'દીકરી, તું મને ગરીબાઈ વિશે એક સરસ મજાનો નિબંધ લખી આપ. જો, મારે તારા વિચાર જાણવા છે. કોઈ પુસ્તકના કે નિબંધમાળાના નહીં, કયાંથીય ઉઠાવતી નહીં.'

દીકરી કહે, 'દાદા, મને એક અઠવાડિયું આપો. હું સ્વાનુભવે લખવા માગું છું.'

દાદા કહે, 'જા બેટા! તું અઠવાડિયું તારી રીતે ફર અને પછી મને તારા વિચારો જણાવ.'

એક અઠવાડિયા પછી ફોર્ડની પૌત્રી નિબંધ સાથે હાજર થઈ. નિબંધ આ મુજબ હતો :

'ન્યુયોર્ક શહેરમાં એક અત્યંત ગરીબ કુટુંબ રહેતું હતું, બાપ ગરીબ હતો, મા પણ ગરીબ. તેમને એક દીકરી હતી. તે પણ ગરીબ હતી. કુટુંબમાં તેઓ ક્ષણ જણ હતાં. પણ ત્રણેય વચ્ચે ફક્ત એક જ મોટર હતી. અને મોટર યે કેવી! ત્રણ વર્ષ જૂની. તેમના ઘરને ધોળાવ્યે એક વર્ષ ઉપર થઈ ગયું હતું. ગરીબાઈ તો એવી હતી કે તેઓ અઠવાડિયે એક જ વખત રેસ્ટોરાંમાં જમવા જઈ શકતાં. માતા-પિતા બંનેને નોકરી કરવી પડતી. દીકરીને વર્ષમાં ફક્ત બે વાર જ નવાં કપડાં મળતાં. તેમનું ઘર પણ સાવ નાનું. ફક્ત ચાર રૂમનું. ઘર લેવા માટે તેમણે લોન લીધી હતી. અરે, દરિદ્રતા તો કેવી! એ છોકરીએ હજી ડિઝનીવર્લ્ડ પણ જોયું નથી!'

હેનરી ફોર્ડ તો આ નિબંધ વાંચીને સડક થઈ ગયા. પૌત્રીએ જે કુટુંબનું વર્ણ કર્યું હતું તે તો સામાન્ય અમેરિકન કુટુંબ કરતાં ઘણી સારી હાલતમાં જીવતું એક નાનકડું સુખી કુટુંબ હતું. પોતાની પૌત્રીના વિચારો જાણીને તેમને પારાવાર દુઃખ થયું, પણ શાંતચિત્તે વિચારતાં તેમને સમજાયું કે દીકરીને જન્મથી જ પાણી માગંતા દૂધ મળ્યું છે, જેણે જમીન પર પગ નથી માંડ્યો, જે પ્રાઈવેટ જેટમાં જ ફરી છે અને પર્સનલ કોચિંગથી જ ભણી છે, તેને ગરીબાઈનો તો ખ્યાલ જ કયાંથી હોય? એ આશા રાખવી જ વ્યર્થ છે. એના માટે ગરીબાઈ ફક્ત એક કલ્પના છે, હકીકત નહીં.

પણ વાચકો, ઉપરના દાખલા પરથી રખે એવું માની લેતા કે માલેતુજાર કુટુંબમાં જન્મેલી વ્યક્તિને દરિદ્રતાની કલ્પનાય નથી હોતી. આપણા જ દેશમાં અઢી હજાર વર્ષ પૂર્વે એક સ્વરૂપવાન રાજકુંવર થઈ ગયો. એની પાસે શું નહતું? વિશાળ રાજ્ય, જમીન- જાયદાદ, પ્રેમાળ માતા-પિતા, આરસમાંથી કોરી પુત્ર, સિપાઈ-સપરાં, નોકર-ચાકરનો કાફલો અને રૈયતનો અપાર પ્રેમ. ધાર્યું હોત તો એ કુંવર આજીવન વૈભવમાં આળોટી શક્યો હોત. પણ ગરીબ, વૃદ્ધ, બીમાર અને મડદું જોઈને તેણે વૈરાગ્ય અનુભવ્યો. તે સત્યની શોધમાં ચાલી નીકળ્યો. ત્યાગના માર્ગે પદાર્પણ કરીને વખત જતાં દેશવિદેશમાં ગૌતમ બુદ્ધ તરીકે ઓળખાયો. તેઓ જન્મે તો રાજા હતા, પરંતુ તેમના હૃદયમાં ભારોભાર કરુણા હતી. બીજાનાં દુઃખ સમજવાની શક્તિ હતી.

આપણે ભારતીય લોકો વાતો તો મોટી મોટી કરીએ છીએ. બુદ્ધ ભારતના હતા, તેમણે બોધિગયામાં તપ કર્યું, રાજગૃહીમાં ભ્રમણ, સારનાથ અને વારાણસીમાં ધર્મપ્રચાર કર્યો અને કુસીનગરમાં તેમનો દેહવિલય થયો. આપણે માનીએ છીએ કે બુદ્ધના વિચારો પર આપણો માલિકીહક્ક છે. તેમનાજ દેશમાં, તેમના જેટલી કરુણા ધરાવનાર ગણ્યાગાંઠ્યા રહ્યા છે.

આમ, કલાસમાં સામસામી આક્ષેપબાજી ચાલતી રહી. બે-ત્રણ વિદ્યાર્થીઓએ કહ્યું કે ગરીબાઈનું તો એવું છે કે અર્ધો ગ્લાસ ભરેલો હોય તો કો'ક કહેશે અર્ધો ખાલી છે, એ તો ભાઈ જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. રામ રાખે તેમ રહીએ. વગેરે..

મેં પણ એ બાબત સાથે મંત થતાં એક વાત કહીઃ એમ શહેરમાં વર્ષો પહેલાં અતિ ધનવાન ભાઈ રહેતા હતા. તેમને સંતાનમાં એક માત્ર પુત્ર. જબરદસ્ત મોટું ઘર, વચ્ચોવચ્ચ સ્વીમીંગ પુલ તથા રસોઈયા, માળી નોકરોની ફોજ. બાબા માટે એક કૂતરો પણ પાળવામાં આવ્યો હતો. શ્રીમંત શેઠને હંમેશ એવું લાગતું, કે મારા પુત્રને દુનિયાદારીનું, ગરીબાઈનું ભાન તો કરાવવું જ જોઈએ. ગરીબાઈ વિશે ભાષણ કર્યે નહીં ચાલે. એક ગરીબ ઘરમાં તેને અઠવાડિયું રહેવા મોકલી દઉં તો કાંઈ કામ થાય. ગરીબ ઘરમાં રહેશે. તેમની મુશ્કેલીઓ જોશે તો જ તેને શ્રઈમંત હોવાની કિંમત સમજાશે.

પિતા તેમના ગામે એક જણને ઘેર પુત્રને મૂકી આવ્યા. જંગલના છેવાડે, નદીકાંઠે હતું તથા ત્યાં સંદેશાવ્યવહારનાં કોઈ સાધનો પહોંચ્યા નહતાં. અઠવાડિયા પછી તેઓ પુત્ર લેવા ગયા. 'બોલ દીકરા, તને ફાવ્યું?'

પુત્ર કહે, 'ડેડી, આપણી અને આ લોકોની જીવન જીવવાની પદ્ધતિમાં આસમાન જમીનનો ફેર છે. આપણા ઘેર તો નાનકડો સ્વીમીંગ પુલ છે અને તેમાં કલોરિનવાળું ગંધાતું, વાસી પાણી છે. મારીત તો તેમાં હંમેશ આંખો બળે છે. અહીં તો ઝૂંપડીની પાછળ જ નદી વહે. વહેતું પાણી. નહાવાની મજા પડી ગઈ. મારે તો એક જ કૂતરો છે. અહીં તો ચાર કૂતરા મારા મિત્ર બની ગયા હતા. તે ઉપરાંત બે પોપટ, કાગડા, બિલાડી અને સસલાં. આપણે તો રોજ રાત્રે બારીઓ બંધ કરીને એ.સી. ચલાવવું પડે. અહીં તો અમે ખુલ્લામાં જ સૂતા હતા. એવી સરસ ઊંઘ આવતી. શીળો પવન અને તારા ચાદર. આપણે ઘેર તો રસોયાની બનાવેલી, ફ્રીઝમાં મૂકીને માઈક્રોવેવમાં ગરમ કરેલી રસોઈ નોકરોના હાથે ખાવી પડે. અહીં તો બા રોજ ગરમાગરમ જમાડે. બંને વાર તાજું. આપણે ત્યાં પેકેટનાં દૂધ પીવા પડે. અહીં તો રોજ તાજું દોહ્યેલું દૂધ પીવા મળતું. જુઓને હું અઠવાડિયામાં તો કેવો લાલ ટામેટા જેવો થઈ ગયો છું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

એક વૃક્ષનું કપાવું, એક સંતની વિદાય

અક્ષયપાત્ર

- બકુલ દવે

મેરા ખ્યાલ હૈ
જબતક દરખ્ત ખડા રહેગા
આસમાન નહીં ગિરેગા
- સૂર્યભાનુ ગુપ્ત

કવિ હંમેશા આશાવાદી હોય છે અને આર્ષદૃષ્ટા. પણ. આર્ષદૃષ્ટા એટલે દૂરનું જોનારો. કવિની આ બંને લાક્ષણિકતાઓ ઉપરની કવિતામાં પ્રગટ થઇ છે. આકાશ થૂટી પડવું એટલે બધું રસાતાળ થઇ જવું. કવિને ભરોસો છે કે જયાં સુધી એક પણ વૃક્ષ રહેશે ત્યાં સુધી એ પોતાના પુણ્યપ્રતાપથી માનવજાતની રક્ષા કરતું રહેશે, પણ સાંપ્રત યુગનો સરેરાશ માણસ ઊલટાં ચશ્માંથી જુએ છે. એ વિચારે છે : એકાદ વૃક્ષ કાપી નાખવાથી શો ફેર પડે છે? એનાથી કૈં આકાશ નથી તૂટી પડવાનું. આજના યુગની વિડંબના એ છે કે ખોટું કરનાર પાસે પોતાની વાતને યોગ્ય ઠેરવવા માટે અનેક કારણો હોય છે, પણ ખોટું છે તે ખોટું છે. રૂપાળી દલીલોથી એને સાચું સાબિત કરી શકાતું નથી.

દરેકે જીવનમાં એક વૃક્ષ વાવવું જોઇએ, એને ઉછેરી મોટું કરવું જોઇએ તેમ થાય તો જ વૃક્ષારોપણ થયું કહેવાય



વૃક્ષનું કપાવું તે મોટી દુર્ઘટના હોય છે. એ દુર્ઘટના જયાં અને ત્યાં વારંવાર ઘટતી રહે છે, પણ તે બાબત કોઇ અજાણ્યા જણના મૃત્યુના ખબર જેમ માણસને આઘાત પહોંચાડતી નથી, આહત કરી શકતી નથી; કારણ કે વૃક્ષ માટે પણ માણસના હૃદયમાં આત્મીયતા રહી નથી. વૃક્ષ કાપવાની ઘટના તરફ આંખ મીંચામણામાં કરવાથી એનાં દુષ્પરિણામોથી બચી શકાશે તેવી આત્મવચંનાને પંપાળ્યા કરતો માણસ પ્રકૃતિની સાથે પોતાના અસ્તિત્વને જોખમમાં મૂકી રહ્યો છે તેની એને કદાચ ખબર નથી હોતી, તે 'ભણેલો' હોય તોપણ આ કેવી કરૂણતા! ને કેવું ભણતર!

વૃક્ષ સ્થિપ્રજ્ઞતાના પાઠ શીખવતું મૂક ઉપદેશક હોય છે. એટલે એક વૃક્ષ કપાય છે ત્યારે પૃથ્વી પરથી એક સંત વિદાય લે છે.

એક વૃક્ષ કપાય છે ત્યારે ધરતી અને આકાશના સંબંધોમાં તિરાડ પડે છે. એમની વચ્ચે કોમ્યુનિકેશન ગેપ ઊભો થાય છે. એક ખાલીપો સર્જાય છે, જે માણસની ભીતર પ્રવેશી વિસ્તરતો જાય છે.

એક વૃક્ષ કપાય છે ત્યારે અનેક જીવ અનાથ અને બેઘર બને છે, પર્ણમર્મર અને કલરવ અતીતનો હિસ્સો બની જાય છે. સૂનકાર વચ્ચે, પંથભૂલ્યો વિરહી પવન હૃદયવિદારક હૂહૂહૂ અવાજ કરતો અટક્યા કરે છે - પ્રિયજનને આલિંગનમાં સમાવવા. ફોગાઇ ગયેલા મૃતદેહ જેવો સન્નાટો વાતાવરણમાં તર્યા કરે છે.

એક વૃક્ષ કપાય છે ત્યારે ઋતુચક્રમાં ખલેલ પડે છે. પૃથ્વી ઝડપથી મેનોપોઝ ઘરફ ધકેલાતી જાય છે. એની ઉર્વતરાનો હ્રાસ થતો જાય છે. અકાળે વૃદ્ધાસ્થાનો અણસાર એ સતત આપતી જ રહે છે. પણ... વૃક્ષને કાપવા ઉગામેલો કુહાડો છેવટે તો માણસ પોતાના પગ પર જ મારતો હોય છે.

દરેકે જીવનમાં એક વૃક્ષ વાવવું જોઇએ. એને ઉછેરી મોટું કરવું જોઇએ. તેમ થાય તો જ વૃક્ષારોપણ થયું કહેવાય.

પ્રત્યેક વૃક્ષ કાપનાર દુઃશાસનનો પ્રતિનિધિ હોય છે. વૃક્ષ કાપવું તે પૃથ્વીનું ચીરહરણ કરવા જેવું છે. વૃક્ષ વાવનારી પ્રત્યેક વ્યક્તિ ધરતીને ચીર પૂરે છે. કોઇ વૃક્ષ વાવે ત્યારે એનામાં રહેલું કૃષ્ણત્વ પ્રગટતું હોય છે.

વૃક્ષ વવાય છે ત્યારે કવિતાનો અંકુર ફૂટે છે લીલાંછમ પર્ણો શી છંદોબદ્ધ કવિતા! કવિતાની આંગળી પકડી ચાલ્યા આવે છે, લય, તાલ અને વિખરાયેલા સાત સૂર નવી તરજમાં બંધાઇને. સર્વત્ર હરિયાળું અનુભવાય છે. બહાર અને અંદર પણ.

વૃક્ષ પોતે જ જીવંત કવિતા નથી શું? એમાં જ લય, તાલ, છંદ અને સૂર નથી? જોયસ ક્લિમરની એક સુંદર કવિતા આનો પડઘો સરસ રીતે પાડે છે : "મને લાગે છે કે વૃક્ષો જેવી સુંદર કવિતા મને કદીયે જોવા વાંચવા મળશે નહીં." કવિએ અંતિમ બે પંક્તિમાં આ રીતે સમાપન કર્યું છે : Poems are made by fools like me, but only God can make a tree. અર્થાત્ કવિતા મારા જેવા મૂરખ લોકો કરે છે, પણ વૃક્ષનું (જે સ્વયં એક કવિતા છે) સર્જન તો માત્ર ઇશ્વર જ કરી શકે.